જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૪/૧૨/૨૦૨૪ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૨/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૬ કેસ કરી, ૩૧ વ્યક્તિઓને ઝડપી, ૯૧૬ લીટર દેશી દારૂ, ૮૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૮ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૫ બિયર ટીન, ૧ કાર અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી ૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૫૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૩/૨૦૨૪

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## ઘરફોડઃ- સમાચાર યાદી નં.૧૮૩૪/૨૦૨૪

**નરોડાઃ** મુકેશ મંગાભાઇ ડાભી (ઉ.વ.૫૩) (રહે. વણકરવાસ અવની પ્લાઝા સામે કઠવાડા રોડ નરોડા ગામ નરોડા) એ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૧૧/૨૦૨૪ થી તા.૦૭/૧૧/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી તિજોરીના લોકરમાંથી સોના-ચાંદીના દાગીના તથા રોકડ રૂપિયા ૨૫૦૦/- મળી કુલ રૂપિયા ૧,૨૨,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આર.રાવલ ચલાવે છે.

## સોનાની ચેઈન ઝુટવી લઈ ગયાઃ- સમાચાર યાદી નં.૧૮૩૫/૨૦૨૪

**ઓઢવઃ** કુષ્માબહેન સુમિતપ્રકાશ જૈન (ઉ.વ.૬૦) (રહે. પ્રથમ રેસીડેન્સી રોહીત સમાજની વાડી ઓઢવ) તા.૦૯/૧૨/૨૦૨૪ સવારના ૭/૪૫ વાગ્યાના સુમારે પુનમ બેકરી ગુરૂકૃપા સોસાયટી મકાન નંબર-૨૩૯ આગળથી ચાલતા પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ કુષ્માબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૭૦,૦૦૦/- ઝુટવી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ કુષ્માબહેન જૈન એ તા.૧૩/૧૨/૨૦૨૪ ના રોજ ઓઢવ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.આઇ.પટેલ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૬/૨૦૨૪</u>**

**નારોલઃ** સજિદઅલી યુનુસઅલી (ઉ.વ.૩૫) (રહે. ગલી નંબર-૭ ગુલશન પાર્ક ઇન્દિરાનગર પાસે ચંડોળા તળાવ નારોલ) તા.૧૩/૧૨/૨૦૨૪ સવારના ૧૦/30 વાગ્યાના સુમારે નારોલ મોની હોટલના ખાંચામાં શ્રીરામ એસ્ટેટ ખાતે આવેલ સાહિલ એન્ટરપ્રાઇઝ ખાતે ભંગારનો (રદ્દી) સામાન લેવા સારૂ ગયેલ દરમ્યાન કંપનીમાં લગાવેલ લીફટમાં અગમ્ય કારણસર ફસાઇ જતા ગંભીર ઈજાઓ થતા તેમને સારવાર માટે મણીનગર રામબાગ સરદાર પટેલ હોસ્પિટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી શાર્દુલભાઇ ગણપતભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૮૩૭/૨૦૨૪</u>**

**સોલા હાઈકોર્ટઃ** સોમાભાઇ ખુશાલભાઇ પરમાર (ઉ.વ.૫૮) (રહે. બ્લોક નંબર-૨૫ ચાણક્ય એપાર્ટમેન્ટ વિશ્વા સીટી-૧૦ સામે ગોતા) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૨/૨૦૨૪ રાતના ૮/00 વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખા સાથે દોરડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સોલા હાઈકોર્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિષ્ણુભાઈ દશરથભાઈ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી